## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મસ્તક પીડાના યોગ તો છે જ... બહાર જશો તો નાક દ્વારા ઈન્ફેક્શન થશે અને ઘરમાં માથા પર ઈંટ પડી શકે...

# રાજયનું ધો-૧૨ સામાન્ય પ્રવાહનું ૭૬.૨૯ ટકા પરિણામ

## સૌથી વધુ પાટણ જિલ્લાનું ૮૬.૬૭ ટકા, જ્યારે સૌથી ઓછું જુનાગઢનું ૫૮.૨૬ ટકા પરિણામ
## ગત વર્ષ કરતા ૩ ટકા પરિણામ વધુ, ૨.૮૩ લાખ વિદ્યાર્થીઓ પાસ થયા

ગાંધીનગર, તા.૧૫
કોરોના મહામારી વચ્ચે વિદ્યાર્થીઓ માટે એક મોટા સમાચાર આવ્યા છે. આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ(કોમર્સ)ના પરિણામને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૫.૩૩ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધો-૧૨ સામાન્ય પ્રવાહનું ૭૬.૨૯% પરિણામ જાહેર કરાયું છે. ગતવર્ષની સરખામણીએ પરિણામ ૩ ટકા વધ્યું છે. રાજ્યના આ પરિણામમાં વિદ્યાર્થીનીઓએ બાજી મારી છે. પરિણામના આંકડા મુજબ કુલ ૮૨ ટકા વિદ્યાર્થિનીઓ પાસ થઈ છે જ્યારે ૭૦.૯૭ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. કુલ પરિણામ ૭૬.૨૯ ટકા છે. કુલ ૧,૩૮,૮૦૮ વિદ્યાર્થીઓ અને ૧,૪૪,૮૧૬ વિદ્યાર્થિનીઓ પરિણામ મેળવવાને પાત્ર થઈ છે. બનાસકાંઠાના સોની કેન્દ્રનું સૌથી વધુ ૯૭.૭૬ ટકા પરિણામ આવ્યું છે, જ્યારે સૌથી ઓછું પરિણામ ડોળાસા કેન્દ્રનું ૩૦.૨૧ ટકા છે. સૌથી વધુ પાટણ જિલ્લાનું ૮૬.૬૭ ટકા પરિણામ આવ્યું છે. સૌથી ઓછું જૂનાગઢ જિલ્લાનું ૫૮.૨૬ ટકા પરિણામ છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૨૬૯ શાળાઓનો સમાવેશ થાય છે, જ્યારે ૫૬ શાળાઓનું પરિણામ ૧૦ ટકા કરતા ઓછું આવ્યું છે. ૫૨૨ વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ મેળવ્યો છે. પરિણામમાં વિદ્યાર્થીનીઓએ ફરી એકમાર બાજી મારી છે. વિદ્યાર્થીનીઓનું ૮૨.૨૦ ટકા પરિણામ આવ્યું છે.

પરીક્ષામાં ગેરરીતિના ૭૪૪ કેસ પણ નોંધવામાં આવ્યા છે. આજે ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં



આવ્યું છે. માર્ચ- ૨૦૨૦ની પરીક્ષા માટે ૫.૨૭ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે રજિસ્ટર્ડ થયા હતા. જેમાંથી અંદાજે ૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓ ઓનલાઈન રિઝલ્ટ બોર્ડની વેબસાઈટ પર જોઈ શકાયું છે. બોર્ડે રિઝલ્ટ ઓનલાઈન સમય સવારના ૮ વાગ્યાનો જાહેર કર્યો છે. રેગ્યુલર ૩.૭૪ લાખ વિદ્યાર્થીઓ રજિસ્ટર થયા હતા, જ્યારે કે ૭૯ હજાર વિદ્યાર્થીઓ રીપિટર તરીકે રજિસ્ટર્ડ થયા હતા.

ધો. ૧૦ અને ધો. ૧૨ સાયન્સનું ઘટ્યું પણ ધો.૧૨ કોમર્સનું પરિણામ ૩ ટકા વધ્યું છે. જ્યારે આ વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીનીઓએ બાજી મારી છે. પરીક્ષામાં ૮૨.૨૦ ટકા વિદ્યાર્થીનીઓ અને ૭૦.૯૭ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. ગત વર્ષ કરતા ૩ ટકા પરિણામ વધુ આવ્યું છે. ૨૦૧૯માં ૭૩.૨૭% પરિણામ આવ્યું હતું જ્યારે આ વર્ષે ૭૬.૨૯% પરિણામ જાહેર થયું છે. બીજીતરફ ત્રણેય રિઝલ્ટમાં સુરતના વિદ્યાર્થીઓ જ આખા રાજ્યમાં ટોપ પર રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરીનું રિનોવેશન હાથ ધરવામાં આવ્યું છે. આ રિનોવેશન પાછળ મોટી રકમનો ખર્ચ થશે તેવી વાતોએ પંચાયત વર્તુળમાં ચર્ચા જગાવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજથી પુનઃ આયુર્વેદના ઉકાળાનું કર્મયોગીઓ માટે વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

● ગાંધીનગરમાં 'ઘ' રોડ પર આવેલ સરકારી કચેરીઓમાં જ પાર્કિંગની સમસ્યા હોવાથી લોકો 'ઘ' રોડ પર વાહનો પાર્ક કરી રહ્યા છે. હવે ટ્રાફિક પોલીસ પણ હરકતમાં આવી છે અને વાહનચાલકોને આડેધડ પાર્કિંગ માટે દંડ વસુલી રહી છે.

● આજે ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થતાં વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોનાના કેસોમાં દર્દીઓના નિવાસસ્થાન અને આસપાસના વિસ્તારમાં દવા છંટકાવ માટેના તાલિમબધ્ધ સ્ટાફના અભાવે પંચાયતોમાં અનેક પ્રશ્નો ઉભા થયા.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની ફરિયાદોમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે.

## બાલવા યુથ ફાઉન્ડેશન દ્વારા ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનનો પ્રારંભ



ગાંધીનગર, તા.૧૫
બાલવા ગામના યુવાનો દ્વારા બાલવા યુથ ફાઉન્ડેશન એનજીઓની રચના કરવામાં આવી છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટને અનુલક્ષી ગામના દરેક ઘરે થી રોજે-રોજ જઈને ખાસ પ્રકારના વાહન દ્વારા કચરો ઉઘરાવીને યોગ્ય સ્થળે વૈજ્ઞાનિક ઢબે તેનો નિકાલ કરવામાં આવે છે. ત્યારે બાલવા ગામે ડોર-ટુ-ડોર કલેકશન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

બાલવા યુથ ફાઉન્ડેશન દ્વારા જણાવવામાં આવે છે કે જયારે રાજય સરકાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન શરુ કરાયુ છે. ત્યારે ગ્રામ્ય કક્ષાએ સાફ-સફાઈ અને કચરાના નિકાલ માટે આ એક ઉત્તમ વ્યવસ્થા બની રહેશે અને ગ્રામજનોની સુખાકારીમાં વધારો થશે. હાલમાં પ્રારંભિક તબક્કે આ પ્રોજેકટર યુવાનો અને દાતાઓના સાથ સહકાર અને સ્વભંડોળમાંથી શરુ કરાયો છે. આ માટે કાયમી સેવા માટે કર્મચારીઓ પણ નિયુકત કરી દેવામાં આવ્યા છે. જેથી બાલવા યુથ ફાઉન્ડેશન દ્વારા સ્થાનિક રોજગારી પણ ઉભી કરવામાં આવી છે. જયારે ગામડામાં આ પ્રકારની સેવા જોઈને મહાનગરમાં રહેતા હોય તેવી લાગણી થાય છે. આ પ્રોજેકટ યોગ્ય રીતે લાંબો સમય ચાલે અને સ્વચ્છતાના નવા શિખરો સર થાય તે હેતુસર સરકાર અને સેવાભાવી સંગઠનો દ્વારા સાથ-સહકાર મળી રહેશે તેવો આશાવાદ ગ્રામજનોએ વ્યકત કર્યો છે.

# અંગ્રેજી માધ્યમના ધો. ૫ અને ૭ ના બાળકોને પુસ્તકો મળ્યા નથી..!

## કોંગી કાઉન્સીલર રાકેશ પટેલે વિદ્યાર્થીઓની સમસ્યા અંગે સરકારનું ધ્યાન દોર્યુ

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર શહેરમાં જ ધો. ૫ અને ધો. ૭ ના અંગ્રેજી માધ્યમના પુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યા નથી અને સરકારે ધો. ૩ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ઓનલાઈન લર્નિંગનો પ્રારંભ કરતાં વાલીઓમાં રોષની લાગણી જન્મી છે.

ધો. ૧ થી ૩ ના બાળકોને પણ ઓનલાઈન એજ્યુકેશન આપવામાં આવી રહ્યુ છે ત્યારે સરકારની વાતોમાં દિવા તળે જ અંધારૂ હોવાની વાતો પણ વાલીઓ કરી રહ્યા છે.

મનપાના કાઉન્સીલર રાકેશ પટેલે જણાવ્યુ છે કે હાલમાં વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ના કારણે સમગ્ર દેશ લોકડાઉન હેઠળ મુકવામાં આવ્યો હતો, જેમાં બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સરકારશ્રી દ્વારા તમામ શાળાઓને બંધ રાખવા માટેનો નિર્ણય લીધેલ છે, આ વૈશ્વિક મહામારીથી બચવા માટે એ જરૂરી પણ છે, એમાં કોઈ શંકા નથી. બાળકોનું શિક્ષણ બગડે નહિ એ માટે શાળાઓ દ્વારા ઓનલાઈન અભ્યાસ શરૂ કરી દેવામાં આવ્યો છે, દરેક શાળાઓ ઓનલાઈન માધ્યમ દ્વારા બાળકોને શિક્ષણ પુરૂ પાડી રહી છે, આ સંદર્ભે જણાવવાનું કે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં બાળકોના અભ્યાસ માટેના પુસ્તકો મળતા નથી અને ગાંધીનગરની બહાર તમામ સ્થળે દરેક પુસ્તકો મળી રહે છે, ખાસ કરીને ધોરણ-૫ અને ધોરણ-૭ના પુસ્તકો તેમજ અંગ્રેજી માધ્યમના એનસીઆરટી માધ્યમના પુસ્તકો ગાંધીનગરમાં મળતાં જ નથી પરંતુ ગાંધીનગરની બહાર સરળતાથી મળી રહે છે. આ દરેક પુસ્તકોનું પ્રકાશન ગાંધીનગરમાં જ કરવામાં આવતુ હોવા છતાં ગાંધીનગરમાં પુસ્તકો મળતા નથી, જેથી બાળકોના શિક્ષણ પર માઠી અસર પડે છે અને વાલીઓમાં બાળકોના અભ્યાસને લઈને ચિંતા ફેલાઈ રહી છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩,૧૯૯ વ્યક્તિઓ કોરોન્ટાઈન

## કલોલ તાલુકામાં સૌથી વધુ ૫,૬૬૦ વ્યક્તિઓ અને સૌથી ઓછા માણસા તાલુકામાં ૧૦૫૬ વ્યક્તિઓ કોરોન્ટાઇન

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં ૧૩,૧૯૯ વ્યક્તિઓને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જેમાં ૧૩,૧૦૫ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈન, ૬૧ વ્યકિતઓ સરકારી ફેસીલીટી કોરોન્ટાઈન અને ૩૩ વ્યક્તિઓને ખાનગી ફેસીલીટી કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કુલ-૧૩,૧૯૯ વ્યક્તિઓને કોરોન્ટાઈન ફેસેલીટીમાં રાખવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ કલોલ તાલુકામાં ૫,૬૬૦ વ્યક્તિઓ કોરોન્ટાઈન ફેસીલીટીમાં છે. સૌથી ઓછા ૧૦૫૭ વ્યક્તિઓ માણસા તાલુકામાં કોરોન્ટાઈન ફેસીલીટીમાં રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કુલ-૪૫૩૨ વ્યક્તિતઓને કોરોન્ટાઈન ફેસીલીટીમાં રાખવામાં આવ્યા છે. જેમાં હોમ કોરોન્ટાઈનમાં ૪૫૧૦ વ્યક્તિઓ અને ૨૨ વ્યક્તિઓ સરકારી ફેસીલીટી કોરોન્ટાઈનમાં છે. દહેગામ તાલુકામાં ૧૯૫૦ વ્યક્તિઓ કોરોન્ટાઈન ફેસીલીટીમાં છે. જેમાં ૧૯૨૧ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈન અને ૩૯ વ્યક્તિઓ સરકારી ફેસીલીટી કોરોન્ટાઈનમાં છે. માણસા તાલુકામાં ૧૦૫૭ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈનમાં છે. કલોલ તાલુકામાં ૫,૬૬૦ વ્યક્તિઓ ફેસીલીટી કોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. જેમાં હોમ કોરોન્ટાઈનમાં ૫,૬૨૭ વ્યક્તિઓ અને ૩૩ ખાનગી ફેસીલીટીમાં કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.



ગામને ગોંદરે... આ તસવીર જોઈ ગામડું યાદ આવી જાય તો નવાઈ નહીં. એમ શહેર કહેવાય પરંતુ ગામડું યાદ આવી જાય તેવા દશ્યો ગાંધીનગરમાં અવારનવાર જોવા મળી જાય છે. મોર, પોપટ, કાબર, કોયલ જેવા પંખીઓના અવાજો શહેરની અદભૂત શાંતિમાં અચૂક સંભળાય છે. દરેક મોસમમાં શહેરનું સૌંદર્ય અદભૂત જોવા મળે છે. હમણાં જ પડેલા ધોધમાર વરસાદે શહેરની સુંદરતાને ચાર ચાંદ લગાવ્યા છે. કોમન પ્લોટમાં ભરાયેલા પાણી તળાવના દશ્યો સર્જે છે. તેની આસપાસ બેઠેલા ઢોર આપણને ગામડાંની યાદ અપાવે છે.

# સતત બીજા દિવસે પણ કચ્છમાં ભૂકંપના આંચકા : અડધા કલાકમાં 3 આંચકા

રવિવારે રાત્રે આવેલા ૫.૩ના તિવ્ર ભૂકંપ બાદ સોમવારે કચ્છના ભચાઉમાં ફરી ધરા ધ્રૂજી હતી. બપોરે ૧૨:૩૦થી ૧ વાગ્યા સુધીના સમય ગાળામાં ત્રણ કંપનો અનુભવાયા હતા. એમાંય પાંચ મિનિટના અંતરમાં બે મોટા આંચકા અનુભાવાયા હતા. ૧૨:૫૭ વાગે ૪.૬ તથા ૧:૦૧ વાગે ૩.૬ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. આ તમામનું કેન્દ્રબિંદુ ભચાઉની આસપાસ રહ્યું હતું. ભૂંકપ આવતા ભુજમાં લોકો ઘર બહાર દોડી આવ્યા હતા. ભચાઉ આસપાસ ગ્રામ્ય વિસ્તારોમાં મકાનોને તિરાડો પડી હોવાનું પણ જાણવા મળ્યું છે. સોમવારે પ્રથમ આંચકો ૧૨:૩૩ આવ્યો હતો અને તેની તીવ્રતા ૨.૪ હતી. કેન્દ્રબિંદુ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ હતું. બીજો આંચકો ૧૨:૫૭એ આવ્યો હતો જેની તીવ્રતા ૪.૬ રિક્ટર સ્કેલની હતી અને ભચાઉથી ૧૫ કિમી દૂર ઉત્તર-ઉત્તરપૂર્વમાં ભૂકંપનું કેન્દ્રબિંદુ રહ્યું હતું. ત્યારબાદ ત્રીજો આંચકો ૧:૦૧ મિનિટે આવ્યો હતો જેની તીવ્રતા ૩.૬ રિક્ટર સ્કેલ પર હતી અને કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૧ કિમી ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં હતું. કચ્છમાં ભૂકંપ આવ્યા પછી ૬ આફટર શોક આવ્યાં. ઈન્ડિયન સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટએ આ માહિતી આપી. કચ્છના ભચાઉમાં રવિવારે રાતે ૮.૧૩ વાગ્યે ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ત્યારબાદ ૬ આફટર શોક આવ્યા હતાં. પહેલો આફટરશોક રાતે ૮.૧૯ વાગ્યે ૩.૧ની તીવ્રતાનો, બીજો આફટરશોક ૮.૩૯ વાગ્યે ૨.૯ની તીવ્રતાનો, ત્રીજો આફટર શોક ૮.૫૧ વાગ્યે ૨.૨ની તીવ્રતાનો, ચોથો આફટરશોક ૮.૫૬ વાગ્યે ૨.૫ની તીવ્રતાનો, જ્યારે પાંચમો આફટરશોક ૧૦.૦૨ વાગ્યે ૩.૭ની તીવ્રતાનો, અને છઠ્ઠો આફટરશોક ૧૦.૦૪ વાગ્યે ૨.૫ની તીવ્રતાનો આવ્યો હતો. સમગ્ર ગુજરાતમાં રવિવારે રાતે ભૂકંપનાં આંચકા અનુભવાયા. ૫.૩ની તીવ્રતાનો ધરતીકંપ અનુભવાયો. અમદાવાદ, વડોદરા, સુરત સહિતનાં મોટા ભાગનાં મહાનગરોમાં ધરતીકંપનો અનુભવ થયો. તીવ્રતા અનુસાર કોરોનાના સંકટ વચ્ચે ધરતીકંપ આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જો કે, કોરોનાના સંકટનાં કારણે લોકો એકત્ર થઈ શકે તેમ નથી તો બીજી તરફ ધરતીકંપ આવવાનાં કારણે હાઈરાઈઝ બિલ્ડિંગમાં રહેવું પણ હિતાવહ નથી.

## ઉનાવાની શેઠ સી.સી. શાહ વિદ્યામંદિર અને એ.બી. પટેલ ઉચ્ચત્તર વિદ્યા મંદિરનું ઉત્કૃષ્ઠ પરિણામ

આજે જાહેર થયેલા ધો. ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં ઉનાવાની શેઠ સી.સી. શાહ વિદ્યા મંદિર અને એ.બી. પટેલ ઉચ્ચત્તર વિદ્યામંદિરે શ્રેષ્ઠ દેખાવ કરી ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં શેઠ સી.સી. શાહ વિદ્યામંદિર તથા એ.બી. પટેલ ઉચ્ચત્તર વિદ્યામંદિર ઉનાવાનું ઉત્કૃષ્ઠ પરીણામ આવતાં ગ્રામજનોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

આ વર્ષે ધોરણ-૧૦નું પરીણામ આવતાં આ સંસ્થાના કુલ ૧૪૧ વિદ્યાર્થીઓ પૈકી ૯૯ વિદ્યાર્થીઓએ સફળતા હાંસલ કરી છે. ધોરણ-૧૦ માં ૭૦.૨૫ ટકા પરીણામ હાંસલ કર્યુ છે. જેમાં પ્રથમ ક્રમે પાર્થિવ નિતીનભાઈ અને દ્વિતીય ક્રમે સત્કાર જી. પટેલ આવ્યા છે.

આ શાળાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ ૧૦૦ ટકા રહ્યું છે. જેમાં પ્રથમ ક્રમે સચીબેન જે. પ્રજાપતિ અને દ્વિતીય ક્રમે તન્વીબેન બી. વાઘેલા આવ્યા છે. આ સંસ્થાના આચાર્ય અશોકપુરી ગોસ્વામીએ ખુબજ ટુંકા ગાળામાં કરેલી પ્રશંસનીય કામગીરીથી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થયા છે.

શાળા પરિવારની જહેમત તેમજ સંસ્થાના ટ્રસ્ટી મંડળની કામગીરી ઉત્કૃષ્ઠ રહેતા વિદ્યાથીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યાં છે.

## જાહેર નિવિદા
### મારૂતિ એસ્ટીમ વેચવા બાબત

સામાન્ય વહીવટ વિભાગ / ચૂંટણી પ્રભાગનું વાહન એસ્ટીમ નંબર જીજે-૧૮-જી-૨૧૨૧ (પેટ્રોલ) ખરીદીનું વર્ષ-૨૦૦૭ અપસેટ પ્રાઈઝ રૂ. ૪૨,૦૦૦/- (૧) વાહન તારીખ : ૧૮/૬/૨૦૨૦ થી ૨૦/૬/૨૦૨૦ સુધી સામાન્ય વહીવટ વિભાગ / ચૂંટણી પ્રભાગ, બ્લોક નંબર ૭ / બીજો માળ, સચિવાલય, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરીને બ્લોક નંબર-૭ની સામેના પાર્કીંગમાં જોઈ શકાશે. (૨) આ અંગેના ભાવો સીલબંધ કવરમાં સરકારી કામકાજના દિવસોમાં ચૂંટણી પ્રભાગમાં તારીખ : ૨૫/૬/૨૦૨૦ના રોજ કચેરી સમય સુધી સ્વીકારવામાં આવશે. કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. (૩) સીલબંધ કવર તારીખ : ૨૬/૬/૨૦૨૦ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. (૪) અપસેટ પ્રાઈઝથી ઓછી રકમના ભાવ ધ્યાને લેવામાં આવશે નહીં. (૫) ખરીદનાર વ્યક્તિએ તમામ ટેક્ષ અલકથી ભરવાના રહેશે. (૬) વાહન વેચાણ અંગેની કે તે અંગેના ભાવ સ્વીકારવા અંગેની આખરી સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

જીતેન્દ્ર ખરાડી
સેક્શન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

માહિતી/૨૧૦/૨૦-૨૧


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સાડા છ કરોડ ગુજરાતીઓનું યોગ અભિયાન, બન્યું જન અભિયાન...




દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૧ મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કંઈક અલગ રીતે અનેરા ઉત્સાહ સાથે કરીએ. ઘરે જ રહી પરિવાર સાથે યોગ કરીએ **'યોગા એટ હોમ, યોગા વીથ ફેમિલી'**. રાજ્ય સરકારના **'યોગ કરીશું, કોરોનાને હરાવીશું'** અભિયાન યોગના મહત્વને ઉજાગર કરશે અને કોરોનાથી રક્ષણ માટે યોગના ઉપયોગને ઉજાગર કરશે.

**યોગ, પ્રાણાયામ અને ધ્યાનના મહત્વને સમજાવવા ભારત અને ગુજરાતના ૬ પ્રેરણાદાયી વ્યક્તિત્વો મુખ્યમંત્રીશ્રીના સોશ્યલ મીડિયા પેજથી લાઈવ થશે.**

| | |
|---|---|
| યોગગુરૂ સ્વામી રામદેવજી | ૧૫ જૂન |
| સપના વ્યાસ અને સમીર સીન્હા | ૧૬ જૂન |
| શ્રી શ્રી રવિશંકરજી | ૧૭ જૂન |
| રવિન્દ્ર જાડેજા અને ચેતેશ્વર પૂજારા | ૧૮ જૂન |
| રોનક કામદાર અને ઈશા કંસારા | ૧૯ જૂન |
| સદગુરૂજી | ૨૦ જૂન |

**સોશ્યલ મીડિયા માટે ૨ રસપ્રદ ટાસ્ક**

૧૬ જૂન — તમને યોગ શા માટે પસંદ છે, તે એક પ્લાકાર્ડ પર લખીને તમારો ફોટો સોશ્યલ મીડિયા પર #DoYogaBeatCorona સાથે પોસ્ટ કરશો
(મને યોગ પસંદ છે કારણ કે ...)

૧૯ જૂન — તમારા ફેવરીટ યોગાસન સાથે તમારો ફોટો સોશ્યલ મીડિયા પર #DoYogaBeatCorona સાથે પોસ્ટ કરશો.

'યોગ કરીશું, કોરોનાને હરાવીશું' યોગને જીવનનો હિસ્સો બનાવી સ્વસ્થ સમાજ અને સ્વસ્થ ગુજરાતનું નિર્માણ કરીએ

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત